P6124

# RAN-2201002503020016

## T.Y.B.A. (External) Examination March - 2026

## Gujarati (Paper - 11) Un Seen Apathit (Principal)

**Time: 3 Hours ]** **[ Total Marks: 100**

| સૂચના : / Instructions | Seat No.: |
|---|---|
| (1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.<br>Fill up strictly the above details on your answer book. | Student's Signature |

**પ્ર. 1. કોઈપણ એક વિશે સર્જનાત્મક નોંધ લખો.** **20**

1. ડાયસ્પોરા સાહિત્ય
2. દલિત સાહિત્ય
3. સાહિત્ય અને ઈન્ટરનેટ

**પ્ર. 2.** કવિ સર્જકોની કેફિયતને આધારે કોઈપણ એક સર્જકની પ્રક્રિયાનો પરિચય કરવો.

1. ઉમાશંકર જોશી
2. ચિનુ મોદી
3. હરીન્દ્ર દવે

**પ્ર. 3. ગદ્યખંડનું વિવરણ કરો.** **20**

કલાકૃતિ આપણા ચિત્તમાં એક પ્રકારનો આનંદનો ભાવ જન્માવે છે. 'એક પ્રકારનો આનંદનો ભાવ' એમ એટલા માટે કહેવું પડે છે કે જીવનના બીજા ઘણા અનુભવો પણ આપણને આનંદ આપે છે; પરંતુ ત્યાં જે કારણે આનંદ પડે છે, તે કારણે કળામાં આનંદ પડતો નથી. જીવનના અનુભવોમાં સામાન્ય રીતે આપણી અપેક્ષાઓ સંતોષાવાથી આનંદ થાય છે. પણ કલાની કૃતિઓનું પ્રયોજન આપણી ભૌતિક અપેક્ષાઓ સંતોષવાનું નથી. એમનો અનુભવ નિરપેક્ષ દ્રષ્ટિએ લેવાનો હોય છે. એ રીતે એમનો અનુભવ લઈએ અને જે આનંદ મળે તે જ કલાનો આનંદ કહેવાય.

જયંત કોઠારી

**અથવા**

કાવ્ય કૃતિનો આસ્વાદ કરાવો.

ફંકોસ્યું સૌ ફરીફરી અને હાથ લાગ્યુ ય ખાસ્સું;
જૂનું ઝાડુ, ટૂથબ્રશ, વળી લક્સ સાબુની ગોટી,
બોખી શીશી, ટીનનું ડબલું, બાલદી કૂખકાણી;
તૂટ્યાં ચશ્મા, ક્લિપ્સ, બટન ને ટાંકણી સોય-દોરો !
લીધું દ્વારે નિત લટકતું નામનું પાટિયું, જે
મૂકી ઊંધું સુપરત કરી, લારી કીધી વિદાય
ઊભાં છેલ્લી નજર ભરીને જોઈ લેવા જ ભૂમિ,
જ્યાં વિતાવ્યો પ્રથમ દસકો મુગ્ધ દામ્પત્ય કેરો,
જ્યાં દેવોના પરમ વર શો પુત્ર પામ્યાં પનોતોં,
ને જ્યાંથી રે કઠણ હૃદયે અગ્નિને અંક સોંપ્યો !

કોલેથી જે નીકળી સહસા ઊઠતો બોલી જાણે
''બા-બાપુ! ના કશું ય ભૂલિયાં એક ભૂલ્યાં મને કે ?''
ખૂંચી તીણી સજલ દગમાં કાચ કેરી કણિકા !
ઉપાડેલા ડગ ઉપર શા લોહ કેરા મણીકા.

-બાલમુકુન્દ દવે

**પ્ર. 4. ચાવીરૂપ સંજ્ઞાનો પરિચય કરાવો (ગમે તે બે)** **20**

1. કવિ સમય
2. પીઠઝબકાર
3. સાન્નિધિકરણ
4. સાધારણીકરણ

**પ્ર. 5.અ.**1. અપહ્નુતિ, વ્યાજસ્તુતિ, સજીવારોપણ, અનન્વયમાંથી કોઈપણ બે અલંકાર સોદાહરણ સમજાવો. **05**

2. **કોઈપણ બે અલંકાર ઓળખાવી ઉદાહરણ સહિત સમજાવો.** **05**
   1. સન્મુખ સાગર લહેરાતો;
      જાણે આકાશ જ ઉતારી પાથર્યું,
   2. અમે તો સૂકું રૂનું પૂમડું, તમે અત્તર રંગીલા રસદાર
   3. આ સ્નેહલનું મુખ એ બીજો ચન્દ્ર છે!
   4. ગંગાના નીર તો વધેઘટે રે લોલ,
      સરખો એ પ્રેમનો પ્રવાહ રે;
      જનનીની જોડ સખી નહિ જડે રે લોલ.

**બ.**1. હરિણી, સ્રગ્ધરા, અનુષ્ટુપ, ઝૂલણા - પૈકી કોઈપણ બે છંદ સોદાહરણ સમજાવો. **05**

2. કોઈપણ બે છંદ ઓળખાવી ઉદાહરણ સહિત સમજાવો. **05**
   1. પ્રિયે તુજ લટે ધરું ધવલસ્વચ્છ આ મોગરો
   2. મારા જીવનની ગતિ અટપટી, જાણે લખું ના લખું
   3. આવું બધું ચાલ્યા કરે ઘરમાં અમારા રોજનું,
   4. કહે દલપતરામ રાજ અધિરાજ સુણો;
      રૂડી ગુજરાતી વાણી રાણીનો વકીલ છું.